અપીલ અરજી નં.૩૭૪ તા.૨૨–૧–૧૦

અરજદારઃ– શ્રી ડી.સી. ભટ્ટ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી (૧) હિંગળાજ સોસાયટી પ્લોટ નં.૭,૮ ખરવરનગરની બાજુમાં,સીએનજી પંપ પાછળ ઉધના ખાતેના પ્લોટો પર કરવામાં આવેલ તથા હાલમાં ચાલુ બાંધકામ ધરાવતાં ફલેટોનાં બાંધકામની પરવાનગી એસ.એમ.સી. ધ્વારા આપવામાં આવેલ હોયતો પરવાનગી પત્રની સર્ટીફાઈડ નકલ આપશોજી. (૨) સદરહુ બાંધકામની/ વધારાનાં બાંધકામની પરવાનગી એસ.એમ.સી. એ ન આપેલ હોય તો તે શું તેવું બાંધકામ ગેરકાયદેસર કહેવાય? તો તે બાબતે કઈ કાર્યવાહી કયારે કરવામાં આવશે તે જણાવશોજી તથા આજદીન સુધી શા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તે જણાવશો. (૩) સદરહુ બાંધકામ કયા જુનીયર ઈજનેર, ડેપ્યુટી ઈજનેરશ્રી નાં તાબા હેઠળ, સુપરવીઝન હેઠળ આવે છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૪/૨૦૦૯–૧૦

શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી વિષયમાં નિર્દિષ્ટ માહિતી માંગણી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ ટેક./આ. નં.૫૭૫૪ તા.૩૦–૧૨–૦૯ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૨ ની માહિતી આપેલ નથી તથા આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા મુદ્દા નં.૩ ની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવતી હોઈ તેમ કર્યાની વિગતો પણ મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૮ તા.૩–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. કે આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર માટે અપવાદનું કારણ જણાવેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી (૧) હિંગળાજ સોસાયટી પ્લોટ નં.૭,૮ ખરવરનગરની બાજુમાં,સીએનજી પંપ પાછળ ઉધના ખાતેના પ્લોટો પર કરવામાં આવેલ તથા હાલમાં ચાલુ બાંધકામ ધરાવતાં ફલેટોનાં બાંધકામની પરવાનગી એસ.એમ.સી. ધ્વારા આપવામાં આવેલ હોયતો પરવાનગી પત્રની સર્ટીફાઈડ નકલ આપશોજી. (૨) સદરહુ બાંધકામની/ વધારાનાં બાંધકામની પરવાનગી એસ.એમ.સી. એ ન આપેલ હોય તો તે શું તેવું બાંધકામ ગેરકાયદેસર કહેવાય? તો તે બાબતે કઈ કાર્યવાહી કયારે કરવામાં આવશે તે જણાવશોજી તથા આજદીન સુધી શા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તે જણાવશો. (૩) સદરહુ બાંધકામ કયા જુનીયર ઈજનેર, ડેપ્યુટી ઈજનેરશ્રી નાં તાબા હેઠળ, સુપરવીઝન હેઠળ આવે છે તેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં .સા.ઝોન/ટેક/૫૭૫૪ તા.૩૦–૧૨–૦૯ થી અરજીમાં જણાવેલ મિલ્કતની બાંધકામની પરવાનગી અત્રેથી આપવામાં આવેલ નથી. તેમજ હાલ ચાલુ બાંધકામ સાઉથઝોન(ઉધના) સબઝોન–૧ ના ડે.ઈજનેરશ્રી અને શહેર વિકાસ વિભાગના જુની. ઈજનેર ના સુપરવીઝન હેઠળ આવે છે. એવી માહિતી આપેલ છે. અરજદારે અપીલ અરજી તબકકે મુદ્દા નં.૨ ની માહિતી આપેલ નથી તથા આપવામાં આવેલ માહિતી અધૂરી છે એમ જણાવી અપીલ અરજી કરેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં. ૨ ની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી તથા મુદ્દા નં.૩ અંગે જવાબદાર અધિકારીઓની વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડી.સી. ભટ્ટ,